આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- ચૈતાલી જોશી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૭-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

# લોકસભા ચુંટણી કાર્યક્રમ

આકાશવાણી ભુજ સમાચાર ચૈતાલી જોશી વાંચે છે...

કેન્દ્રીય ચૂંટણી પંચે આગામી લોકસભા ચૂંટણી કાર્યક્રમ ગઇકાલે જાહેર કર્યો હતો. જેમાં સાત તબક્કામાં મતદાન યોજાશે, અને 4 જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં 102 લોકસભા બેઠકો પર આગામી મહિનાની 19 તારીખે મતદાન થશે. બીજા તબક્કામાં 89 બેઠકો માટે 26 એપ્રિલે, ત્રીજા તબક્કામાં 94 બેઠકો માટે 7 મે, ચોથા તબક્કામાં 96 બેઠકો માટે 13 મે, પાંચમા તબક્કામાં 49 બેઠકો ઉપર 20 મેના રોજ મતદાન થશે, જ્યારે છઠ્ઠા તબક્કામાં 57 બેઠકો પર 25 મે તથા સાતમા અને અંતિમ તબક્કામાં 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન થશે. ગુજરાત રાજ્યની બધી જ 26 બેઠકો માટે એક જ તબક્કામાં 7મી મેના રોજ મતદાન યોજાશે. આ ઉપરાંત ચૂંટણી પંચે કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે કાર્યક્રમની જાહેરાત સાથે જ ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. દેશમાં 97 કરોડ નોંધાયેલા મતદારો છે. મતદાન માટે દોઢ કરોડ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે જ્યાં દોઢ કરોડ ચૂંટણી કર્મચારીઓ તૈનાત રહેશે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ ગઇકાલે ગાંધીનગરમાં પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું કે રાજયમાં ત્રીજા તબક્કામાં યોજાનાર મતદાન માટે રાજ્યમાં મતદારોની સંખ્યા કુલ 4 કરોડ 94 લાખ 49 હજાર 469 છે. જેમાં 18થી 19 વર્ષની વયજૂથના 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો, જ્યારે 10 હજાર 322 શતાયુ મતદારો નોંધાયા છે.

રાજ્યમાં 182 આદર્શ મતદાન મથકો બનાવવામાં આવશે. માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત એક હજાર 274 સખી મતદાન મથક બનાવાશે. જ્યારે 182

દિવ્યાંગ સંચાલિત મતદાન મથક હશે. મતદાનના દિવસે રાજ્યના 25 હજાર જેટલા મતદાન મથકો ઉપર લાઇવ વેબકાસ્ટીંગ કરાશે. તમામ મતદાન મથકો ઉપર ઇવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે. શ્રીમતી ભારતીએ જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરીયાદ હવે ઓનલાઈન અને રીયલ ટાઈમમાં થઈ શકશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ c-VIGIL એપ્ મારફતે કોઈપણ અરજદાર કોઈપણ સ્થળેથી આ અંગેની ફરીયાદ કરી શકશે. ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે તમામ જિલ્લાઓમાં 756 ફ્લાઈંગ સ્કૉડ, 206 એકાઉન્ટીંગ ટીમ, 251 વિડીયો વ્યૂઈંગ ટીમ, 480 વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## આચાર સંહિતા

ગઈકાલે ચૂંટણી પંચે 18મી લોકસભાની તારીખો જાહેર કરતા તરત જ આચારસંહિતા લાગુ થઈ જતા નિયમોના પાલન માટે તંત્રના વિવિધ વિભાગો દ્વારા કામગીરી શરૂ કરાઈ. ભુજમાં 154 જગ્યાએ ભુજ નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં સરકારી યોજનાઓના લાગેલા બેનરો, જાહેરાતના બોર્ડ, ભીંત ચિત્રો હટાવવામાં આવ્યા હતા. તો જિલ્લાના જુદા જુદા શહેરોમાં પણ આ પ્રકારની કામગીરી કરવામાં આવી છે.

**(NP/ચૈતાલી જોશી)**

---

## ચુંટણી કાર્યક્રમ-વિવિધ રાજકીય પક્ષ દ્વારા આવકાર

ગઇકાલે જાહેર કરાયેલી લોકસભા અને કેટલીક રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાતને વિવિધ રાજકીય પક્ષોએ આવકારી છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભાજપ અને એનડીએ ચૂંટણી માટેસંપૂર્ણ રીતે તૈયાર છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,

શ્રી મોદીએ કહ્યું કે ભાજપે તેના સુશાસન અને તમામ ક્ષેત્રોમાં કરેલા કામના રેકોર્ડના આધારે લોક સંપર્ક કરશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે લોકસભા ચૂંટણી ભારત માટે ન્યાયના દરવાજા ખોલશે અને લોકશાહીને બચાવવાની આ છેલ્લી તક હશે. તો આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ રાયે ચૂંટણીની તારીખોની જાહેરાતનું સ્વાગત કરતાં કહ્યું કે પાર્ટી સંપૂર્ણ રીતે તૈયાર છે અને INDIA ગઠબંધન સંપૂર્ણ શક્તિ સાથે ચૂંટણી લડશે

**(National News)**

---

## જાહેરનામુ-21 ટાપુ

કચ્છ જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જિલ્લાના કુલ એકવીસ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધ રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જાહેર કરવામાં આવ્યો છે.

**(માહિતી ખાતુ)**

---

## સ્મૃતિવન-સંગીત ચિત્રકલા કાર્યક્રમ

ભુજના સ્મૃતિવન ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીત અને ચિત્રકલાના કલાપ્રેમીઓ માટે આજે સાંજે પાંચ વાગ્યે રાગરંગ વંદના મહોત્સવ યોજાશે. જેમાં ભુજના જાણિતા ચિત્રકાર દ્વારા 36 રાગના ચિત્રો અને શાસ્ત્રિય સંગીતના કલાકારો દ્વારા 36 રાગનું શ્રવણ કરાવવામાં આવશે. જેમાં કચ્છમાં તબલા વાદનમાં એકમાત્ર અલંકારની પદવી મેળવેલા સ્વર માંકડની સાથે હારમોનીયમમાં આકાશવાણી ભુજના સંગીત વિભાગના વડા યશ અંતાણી સંગત કરશે. એક જ

સમયે એ 36 રાગના ચિત્રોને જોવા અને સાથે  એ 36 રાગનું જીવંત શ્રવણ કરવું આ એક અદ્વિતીય અનુભવ સમાન બની રહેશે તેવું આયોજકો દ્વારા જણાવાયું છે.

**(NP/ચૈતાલી જોશી)**

---

## ITF-ટેનિસ સ્પર્ધા

આઈટીએફ વર્લ્ડ ટેનિસ  મહિલા સ્પર્ધામાં  ઈન્દોર ખાતે ગુજરાતની ખેલાડી વૈદેહી ચૌધરી અને તેની જોડીદાર શ્રીવલ્લી ભામિદીપ્તિ ચેમ્પિયન બની હતી. તેમણે ફાઈનલમાં લી-યા-હસુઅન અને પર્ક સોહયનની જોડીને 6-3,7-5 થી હરાવીને સ્પર્ધા જીતી હતી.

**(NP/ચૈતાલી જોશી)**

---